પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૦૦ | ૧૦ જાન્યુઆરી, ૨૦૧૯, ગુરૂવાર; પોષ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાજ્યસભામાં પણ અનામત બીલ પસાર

**રાજ્યસભામાં ઉગ્ર ચર્ચા બાદ રાત્રે ૧૦ કલાકે ૧૬૫ વિરૂદ્ધ ૭ મતે બીલ પસાર થયુ : સિબ્બલ, રવિશંકર પ્રસાદ સહિતના નેતાઓની તર્કદાર રજૂઆતો ભારે ધાંધલ ધમાલની વચ્ચે કેન્દ્રીયમંત્રી થાવરચંદ ગહેલોતે બિલને રજૂ કર્યું : સાત સુધારાઓ રજૂ થયા હતા જે બધા જ નામંજુર થયા હતા**



નવી દિલ્હી,તા. ૯

રાજ્યસભામાં પણ લોકસભાની જેમ રાત્રે ૧૦ વાગ્યે બિનઅનામત વર્ગોના ગરીબ સમુદાય માટે ૧૦ ટકા અનામતનું વિધેયક ૧૬૫ વિરૂદ્ધ ૭ મતે પસાર થયું હતું. આ બીલ પર ઉગ્ર ચર્ચાઓ થઈ હતી. કેટલાક સુધારાઓ પણ રજૂ કરાયા હતા. પરંતુ રાજકીય રીતે કોઈએ સીધો વિરોધ કરવાનું ટાળ્યું હતું અને તમામ રાષ્ટ્રીય પક્ષોએ બીલને સમર્થન કરતા બીલ ૧૦ કલાકની ઉગ્ર ચર્ચા બાદ પસાર થયું હતું.

લોકસભામાં સામાન્ય વર્ગના આર્થિકરીતે નબળા વર્ગને ૧૦ ટકા અનામત આપવાના બંધારણીય સુધારા બિલને લોકસભામાં મંજુરી આપવામાં આવ્યાના એક દિવસ બાદ આજે રાજ્યસભામાં આ બિલ ભારે ધાંધલ ધમાલ વચ્ચે રજૂ કરવામાં આવ્યા બાદ દિવસ દરમિયાન હોબાળાના દોર વચ્ચે ચર્ચા ચાલી હતી. ચર્ચા દરમિયાન ભાજપ, કોંગ્રેસ, અન્નાદ્રમુક,

● અનુસંધાન પાન-૭ પર

## બે દિવસની હડતાળથી બેંકિંગ અને પરિવહન સેવા ઠપ

**બે દિવસની હડતાળનો અંત આવ્યો : ગોવા, બંગાળ અને કેરળમાં હિંસાની ઘટના : ટ્રેનો રોકાઈ : પથ્થરમારો કરાયો**



નવી દિલ્હી,તા. ૯

સેન્ટ્રલ ટ્રેડ યુનિયનોની બે દિવસીય દેશવ્યાપી હડતાળનો આજે અંત આવ્યો હતો. બે દિવસની હડતાળના કારણે બેંકિંગ અને પરિવહન સેવાને માઠી અસર થઈ હતી. પશ્ચિમ બંગાળ અને કેરળમાં હિંસના બનાવો પણ બન્યા હતા. હડતાળને ૧૦૦ ટકા સફળતા મળી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. હિન્દ મજદૂર સભાના મહાસચિવ હરભજનસિંહે કહ્યું હતું કે, આસામ, ઓરિસ્સા, મણિપુર, મેઘાલય, મહારાષ્ટ્ર અને ગોવામાં હડતાળ ૧૦૦ ટકા સફળ રહી છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં પણ સમર્થન મળ્યું છે. મંડી હાઉસથી સંસદ ભવન સુધીના જુલુસમાં હજારો લોકો જોડાયા હતા અને નીતિઓને લઈને નારાજગી વ્યક્ત કરી હતી. બંગાળના જુદા જુદા ભાગોમાં બીજા દિવસે પણ હિંસા થઈ હતી. હાવડા જિલ્લામાં બસો ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**ચીને સમુદ્રી તાકાતમાં વધારો કર્યો**

પોતાની સૈન્ય તાકાત સતત વધારી રહેલા ચીને એક નવુ આધુનિક સમુદ્રી રડાર વિકસીત કર્યુ છે. આ રડારની ક્ષમતા મુજબ તે તમામ સૈન્ય ભારતની ગતિવિધિઓ પર નજર રાખી શકે છે.

**તૃણમુલના સાંસદ ભાજપમાં સામેલ**

તૃણમુલ કોંગ્રેસના સાંસદ સૌમિત્ર ખાન ભાજપમાં સામેલ થયા છે. આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપને પ. બંગાળમાં મજબૂતી મળશે.

**આંતરરાષ્ટ્રીય મુદ્રાકોષના મુખ્ય અર્થશાસ્ત્રી પદે ગીતા ગોપીનાથ**

આંતરરાષ્ટ્રીય મુદ્રાકોષના મુખ્ય અર્થશાસ્ત્રીપદે ભારતીય મૂળની ગીતા ગોપીનાથની નિમણૂંક કરવામાં આવી છે. મૈસુરમાં જન્મેલ ઈન્ડિયન-અમેરિકન અર્થશાસ્ત્રી ગીતા ગોપીનાથ આ પદે જોડાનાર પ્રથમ મહિલા છે.

**એપલ સીઈઓના પગારમાં ૨૨ ટકાનો જંગી વધારો**

આઈફોન બનાવવાવાળી કંપની એપલના મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) ટીમ કુકના પગારમાં ૨૨ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. તેમનો પગાર ૧૫૭ લાખ ડોલર થઈ ગયો છે.

**એર ઈન્ડિયાને ફરી વેચાણમાં મુકાશે**

સતત ખોટ કરી રહેલી સરકારી એરલાઈન કંપની એર ઈન્ડિયાને લોકસભાની ચૂંટણી બાદ પુનઃ વેચાણમાં મુકાશે. એર ઈન્ડિયાનું વેચાણ કરતા સરકારને ૭૦ હજાર કરોડની આવક થશે.

# પહેલી ફેબ્રુઆરીએ સામાન્ય અંદાજપત્ર રજૂ થશે


**૩૧મીથી અંદાજપત્ર સત્ર આરંભાશે : અરુણ જેટલી વચગાળાનું બજેટ રજૂ કરશે : રાજકીય બાબતો અંગે કેબિનેટ સમિતિની બેઠકમાં નિર્ણય : ૩૧ જાન્યુઆરીએ બંને ગૃહોના સંયુક્ત સત્રને રાષ્ટ્રપતિ કોવિંદનું સંબોધન રહેશે : આર્થિક સર્વે**

નવીદિલ્હી, તા. ૯

સંસદનું બજેટ સત્ર ૩૧મી જાન્યુઆરીથી ૧૩મી ફેબ્રુઆરી સુધી ચાલનાર છે. નાણામંત્રી અરુણ જેટલી પહેલી ફેબ્રુઆરીના દિવસે વચગાળાનું બજેટ રજૂ કરનાર છે. સરકારના સુત્રો પાસેથી આ અંગેની માહિતી આપવામાં આવી છે. બજેટ સત્ર ક્યારથી શરૂ થશે તેને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. રાજકીય બાબતો અંગેની કેબિનેટ સમિતિમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. લોકસભાના આખરી સત્ર તરીકે તેને જોવામાં આવે છે. કારણ કે એપ્રિલ અને મે મહિનામાં સામાન્ય ચૂંટણી આવી શકે છે. વચગાળાનું બજેટ સમગ્ર વર્ષના બજેટ તરીકે હોય છે જેમાં એ વર્ષના તમામ ખર્ચની વિગતો આપવામાં આવે છે. આ બજેટ

સરકાર માટે ખુબ મહત્વપૂર્ણ છે. કારણ કે ચૂંટણીથી પહેલા કેટલીક લોકપ્રિય જાહેરાતો કરવામાં આવી શકે છે. કારણ કે, ચૂંટણી વર્ષ છે. વર્ષ ૨૦૧૪માં તત્કાલિન નાણામંત્રી પી ચિદમ્બરમે યુપીએ સરકારનું અંતિમ વચગાળાનું બજેટ રજૂ કર્યું હતું. બજેટ સત્રને લઈને છેલ્લા કેટલાક દિવસથી અટકળોનો દોર ચાલી રહ્યો હતો. નાણામંત્રી અરુણ જેટલી દ્વારા પહેલી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરવામાં આવનાર છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા ૩૧મી જાન્યુઆરીના

● અનુસંધાન પાન-૭ પર




# ચોકીદાર અંધારામાંથી ચોરોને પકડી પાડશે : મોદીની ખાતરી

**ચોકીદારને ડરાવવાના સપના જોનાર લોકો સપના જોતા રહેશે : સોલાપુરમાં રેલીમાં મોદીના કોંગ્રેસ પર પ્રહાર : મિશેલ ઘણા સંરક્ષણ સોદામાં લોબી ચલાવી રહ્યો હતો : સોલાપુરમાં મેટ્રો સહિત અનેક યોજનાના ઉદ્‌ઘાટન**

સોલાપુર, તા. ૯

મહારાષ્ટ્રના સોલાપુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પ્રચંડ જાહેરસભાને સંબોધી હતી. મોદીએ સંકેત આપ્યો હતો કે, સનસનાટીપૂર્ણ ઓગસ્ટા વેસ્ટલેન્ડ વીવીઆઈપી હેલિકોપ્ટર કેસમાં ધરપકડ કરવામાં આવેલા અને હાલમાં જેલની હવા ખાઈ રહેલા વચેટિયા ક્રિશ્ચિયન મિશેલે મલ્ટીરોલ એરક્રાફ્ટ સમજૂતિમાં ફ્રેન્ચ કંપની રાફેલના હરીફો માટે પણ લોબી ચલાવી હતી. મોદીએ દાવો કર્યો હતો કે, તપાસમાં એવી વિગતો પણ ખુલી રહી છે કે, મિશેલે માત્ર ઓગસ્ટા વેસ્ટલેન્ડમાં જ નહીં બલ્કે અન્ય સંરક્ષણ સોદાબાજીમાં પણ લોબી ચલાવી હતી અને તેની પાસે તમામ પ્રકારની માહિતી પહોંચી રહી હતી. મોદીએ કહ્યું હતુ કે, દેશનો ચોકીદાર ખુબ સાવધાન છે અને ઉંઘી જવા ઈચ્છુક નથી જેથી તમામ લોકો સકંજામાં આવી રહ્યા છે. રાફેલને લઈને હોબાળો મચાવી રહેલા અન્ય પાર્ટીઓના તથા કોંગ્રેસ પાર્ટીએ મિશેલ સાથેના સંબંધમાં માહિતી આપવી જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે, ચોકીદારને ભયભીત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે પરંતુ ચોકીદારે ભ્રષ્ટાચારને ખતમ કરવા માટે કમરકસી લીધી છે અને ભ્રષ્ટાચાર મુક્ત શાસન માટેની લડાઈ સફળતાપૂર્વક ચાલુ રહેશે. ચોકીદાર એવો છે કે, અંધારામાં પણ ચોરોને પકડી પાડવાની ક્ષમતા ધરાવે છે.

